**Capital World Pg 11, 22nd Jan 2022**

# બિટકોઇન સહિતની અગ્રણી ક્રીપ્ટોકરન્સીના કડાકાને પગલે IC૧૫ ઇન્ડેક્સમાં ૭.૮૩ ટકાનું ગાબડું

શુક્રવારે ક્રીપ્ટોકરન્સી માર્કેટમાં જોરદાર ઘટાડો નોંધાયો હતો. વિખ્યાત ક્રીપ્ટોકરન્સી બિટકોઈનનો ભાવ આ મહિને બીજી વાર ૪૦,૦૦૦ ડૉલરની નીચે પહોંચી ગયો હતો. વિશ્લેષકો અને અર્થશાસ્ત્રીઓ હાલ ફેડરલ રિઝર્વ દ્વારા થનારા વ્યાજદરના વધારાની સમીક્ષા કરવામાં લાગી ગયા છે એવા સમયે રોકાણકારોનું માનસ ખરડાયું છે અને તેની અસર તળે એથર, સોલાના, કાર્ડાનો, બિનાન્સ સ્માર્ટ ચેઈન તથા પ્રથમ હરોળની અન્ય ક્રીપ્ટોકરન્સીમાં ઘટાડો થયો હતો.

આ વર્ષે ફેડરલ રિઝર્વ ચાર વખત વ્યાજદરમાં વધારો કરશે એવું અનુમાન છે અને એ ધારણાએ ક્રીપ્ટો બજારમાં તારાજી સર્જી છે. ક્રીપ્ટોકરન્સીના વિશ્વના પ્રથમ ઈન્ડેક્સ આઈસી૧૫માં સ્થાન પામેલી તમામ કરન્સીના ભાવમાં પાંચથી લઈને બાર ટકાનો ઘસારો થતાં ઈન્ડેક્સ એકંદરે ૭.૮૩ ટકા (૫,૦૧૬ પોઈન્ટ) ઘટીને ૫૯,૦૨૫ થયો હતો. આઈસી૧૫ ૬૪,૦૪૧ ખૂલ્યા બાદ ઉપરમાં ૬૬,૦૨૯ અને નીચામાં ૫૮,૨૯૩ ગયો હતો. તેનો બંધ આંક ૫૯,૦૨૫ રહ્યો હતો.

| IC૧૫ ઇન્ડેક્સની હિલચાલ | | | |
|---|---|---|---|
| **ખૂલેલો આંક** | **ઉપલો આંક** | **નીચલો આંક** | **બંધ આંક** |
| ૬૪,૦૪૧ પોઈન્ટ | ૬૬,૦૨૯ પોઈન્ટ | ૫૮,૨૯૩ પોઈન્ટ | ૫૯,૦૨૫ પોઈન્ટ |
| ડેટાનો સમય: ૨૧-૧-૨૨ની બપોરે ૪.૦૦ (ભારતીય સ્ટાન્ડર્ડ ટાઈમ) | | | |